સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

સૂતા રહે પાંચ વર્ષ ચૂંટણી આવે ને જાગે છે,
ભાષામાં નથી વિવેક, શબ્દો તો જાણે ફાગે છે,
માગે છે ભાગ સત્તામાં, સીટોના સૌ સોદાગર
હિંમત નથી લડવાની, સૌ ચૂંટણીથી ભાગે છે..
(લૂખી ધમકીઓ)

હાઈકુ

સળગ્યા વિના,
દઝાડે છે દલાલી -
કોસલા ખાણો..
(આંવટન - રદ્દ)

ઠેંકવું માત્ર,
ખૂંટીની આસપાસ,
બંધાવું નથી...
(વાછરડું - રાહુલ)

ચિંતન

નભોભૂષા પૂષા કમલવનભૂષા મધુકરો વચોભૂષા સત્યં વરવિભવ ભૂષા વિતરણમ્ ।
મનોભૂષા મૈત્રી મધુસમય ભૂષા મનસિજઃ સદોભૂષા સુક્તિ સકલ ગુણભૂષા ચ વિનયઃ ॥

આકાશનું આભૂષણ-શોભા-સૂર્ય છે. કમળનું સૌંદર્ય-શોભા, કમળવનમાં, કમળ પર ભમતાં ભ્રમર છે. જેની પાસે ઉત્તમ વૈભવ સમૃદ્ધિ છે તે સંપત્તિની શોભા દાન છે. સમૃદ્ધિના વિતરણમાં જ સંપત્તિની શોભા છે. નિર્મળ મનની શોભા મૈત્રી છે. મૈત્રી સંબંધોમાં નિખાલસ મન-હૃદય અને નિઃસ્વાર્થ વ્યવહાર જરૂરી છે. મેલાં મનવાળાંથી મૈત્રી થાય નહીં અને થઇ હોય તો ટકે નહીં. મૈત્રી એ નિર્મળ મનનું ભૂષણ છે.

વસંતઋતુનું ભૂષણ-પ્રાકૃતિક વાતાવરણનું પ્રયોજન એને ભોગવી-માણી શકતાં પાત્રો જ છે, વન-જંગલમાં ખીલેલી પ્રકૃતિને માણનાર-ભોગવનાર-હૈયાં હોય નહીં તો પ્રકૃતિનો શું અર્થ?

સુંદરસભા (વિધાનસભા કે સંસદ)માં બોલનારા વિદ્વાન વક્તા હોય તો સભાનું ભૂષણ છે. વાત-વાતમાં ગાળાગાળી-દેકારા-પડકારા-માઇક ખૂરશી ઉછળે મારામારી કરે, કપડાં ફાડી નાખે એવી સભા કહેવાય?

બધા જ સદ્‌ગુણોનું ભૂષણ વિનમ્ર-નમ્રતા છે. સંસ્કારથી જ સદ્‌ગુણ શોભે છે.

સુવિચાર

- બીજાને નાના સમજવાનું સહેલું છે, પણ પોતાને નાના સમજવાનું ઘણું મુશ્કેલ છે- **પીટર બોરો**
- કોઇને રીઝવવા માટે કશું કહેવાની મને ટેવ નથી, હું તો આખાબોલો, પાપ મુઠ્ઠી-પેટ છૂટી વાત કહેનારો માણસ છું, અને તેમ કરીને સામાના હૃદયમાં સોંસરવો પ્રવેશવા ઇચ્છું છું, ઘડીકવાર તેમ કરવામાં નિષ્ફળ થાઉં તો પણ સત્ય અંતે તો સંભળાય અને સમજાય જ છે, એમ મેં અનુભવ્યું છે - **ગાંધીજી**
- 'હું ચલાવી નહીં લઉં, હું દ્વિઅર્થી વાત નહીં કરું, હું બહાના નહીં બતાવું, હું એક તસુ પણ પાછો નહીં પડું, અને મને સાંભળવો જ પડશે - **ગેરિસન**
- દરેક મનુષ્ય અને દરેક પ્રજાએ મહત્તા પ્રાપ્ત કરવી હોય તો ભલાઇમાં દૃઢ વિશ્વાસ રાખવો, અદેખાઇ અને અવિશ્વાસમાંથી મુક્તિ મેળવવી તેમ સારા થવાનો અને સારું કરવાનો પ્રયત્ન કરનાર દરેકને સાથ આપવાનો પ્રયાસ કરવો, વિકાસયાત્રાની આ કેડી છે - **સ્વામી વિવેકાનંદ**
- તમારી આસપાસ જ ખાતરનો ઢગલો કરી રાખશો તો તમારી પાસે દુર્ગંધ જ પ્રસરી રહે છે, પણ એ જ ખાતર વડે બાગ બનાવશો તો સુગંધ પ્રસરશે-નષ્ટ કરવા જેવું જીવનમાં કંઇ જ નથી, પણ પરિવર્તન કરવા જેવું જીવનમાં પુષ્કળ છે - **ઓશો રજનીશ**

બોધકથા

અત્યારે ચૂંટણીના વાતાવરણમાં નેતાશ્રીઓ પોતાને ગમે તેટલા શિક્ષિત-સંસ્કારી સમજતા હશે છતાં સામા પક્ષના ઉમેદવારોનું ચારિત્ર્ય હનન કરવા ગમે તેટલી નીચી કક્ષાએ જઇ પોતાનાં જ સંસ્કારનું પતન જાહેર કરતા હોય છે. માણસે પોતાના પદ, અને સંસ્કારના શિષ્ટાચાર તો કોઇ પણ પરિસ્થિતિમાં સાચવી જ રાખવા જોઇએ.

અમેરિકાના રિપબ્લીક પાર્ટીના ઉમેદવાર પ્રમુખની ચૂંટણીમાં ઉભા હતા. મેકકિનલી એમનું નામ. એમનાં અંગત સચિવને તેમની સામે ઊભેલા ઉમેદવાર વિરૂદ્ધ પ્રચારમાં બોલવા માટે ભાષણ તૈયાર કરવાની સૂચના આપી.

સેકેટરીએ તો જુસ્સાદાર, અને અંગત આક્ષેપો સાથે - જલદ શબ્દોમાં - નિમ્નસ્તરની ભાષામાં એક ઉગ્ર ભાષણ તૈયાર કર્યું.

મિ. મેકકિનલીએ વાંચ્યું અને પરત આપતાં કહ્યું, આપે લખેલું ભાષણ સુંદર અને અસરકારક છે પણ મારે આપણા પક્ષની પ્રતિષ્ઠાને નજર સામે રાખી પ્રમુખપદના ગૌરવને સાચવી, આ જ વાત સૌમ્ય ભાષામાં કહેવી છે : પછી મેક જાતે જ ભાષણ તૈયાર કરતા અને નમ્રતા-વિવેક અને સૌમ્યતાથી ચૂંટણી જીત્યા.

માનવસેવા માનવ જીવનની સૌથી મોટી સેવા છે, ઘણાં બધાં વિદ્યાર્થીઓની પ્રતિભા-તેજસ્વીતા આર્થિક અભાવને કારણે કસમયે વિલાઇ જાય છે, તેમાં આર્થિક મદદ કરી તેમની પ્રતિભાને ખીલવો

નવાં ક્લેવર

- નટવર હેડાઉ

(ગતાંકથી આગળ...)

સાંજ ઢળવે ઢળવે વૃક્ષોની વિથીકા પર કોઇ રૂપલલનાની જેમ ધીરે ધીરે ધરતી પર ઉતરી રહી હતી. રસ્તાની નિયોન લાઇટો તેના પ્રકાશનાં પુંજ ફેલાવી રહી હતી. હવામાં ઠંડક ઢોઇ બજારમાંથી આવતાં જ એ પોતાનાં ઓરડામાં જઇ રજાઇ ઓઢી પલંગ પર બેસી ગયા હતા. આમ તો દરરોજ બધાંની સાથે બેસી વાળુ કરતાં. પણ તે દિવસે તેમનો દીકરો પુનિત કોઇ કામ અંગે બહાર ગયેલ હોવાથી તેમણે જમવાનું પોતાના ઓરડામાં મંગાવી લીધું હતું. પત્ની શિવાની તેમની પાસે બેઠી બેઠી કપડાં સંકેલતી હતી. ત્યાં થોડીવારમાં તેનો દીકરો પુનિત પણ આવી ગયો. ઘરની વાતો કરતાં કરતાં તેમણે પુનિત ને કહ્યું, 'બેટા, આજ તો સામે ચાલીને એક ચાન્સ આવી મળ્યો છે.' પુનિત ઉત્સુકતાપૂર્વક તેમની તરફ જોઇ રહ્યો.

'પપ્પા કેવો ચાન્સ?'

ત્યારે તેમણે હરિલાલે મુકેલ પ્રસ્તાવની વાત કરી. તે સાંભળી પુનિતની આંખોના ભવાં ચડી ગયાં. 'તો શું પપ્પા તમે આ ઉંમરે પાર્ટ ટાઇમ જોબ કરશો? તમારે પાર્ટ ટાઇમ જોબ કરવાની શું જરૂર છે? તે વ્યાકુળ થઇ પૂછવા લાગ્યો. શૈલેષભાઇ તેને પોતાની વાત કરે તે પહેલાં પુનિત પોતાના તર્ક રજુ કરવા લાગ્યો.'

'પપ્પા તમારી ગમે તે સમસ્યાઓ હોય તેના ઉકેલ માટે હું બેઠો છું. તમે મને કહો તો ખરાં કે તમારે પાર્ટ ટાઇમ જોબ કરવાની જરૂર શું છે? આમ પણ તમારી પાસે બેંકમાં બહુ મોટી જમા પડી છે. તમને સારું એવું પેન્શન પણ મળે છે. હું એક મોટી મલ્ટીનેશનલ કંપનીમાં ઉચ્ચ હોદ્દા પર છું.' મારા પગારની મોટી રકમ તમારી જ હાથમાં સોપું છું. એ વાત અલગ છે કે, 'હું આને શું કરું? તારી પાસે જ રહેવા દે' એમ કહીને તમે મને પરત આપો છો.' પુનિતને અચાનક ઉદાસ આવી ગઇ. ઉદાસ બંધ થઇ એટલે એ ફરી કહેવા લાગ્યો. 'એ બધા ઉપરાંત આ પોશ એરિયામાં તમારો ભવ્ય બંગલો છે. તમારે આવવા - જવા માટે અતિ આધુનિક બે બે ફોર વ્હીલર ગાડીઓ છે. પપ્પા તમે અમારા માટે આટઆટલું કર્યું છે તે કંઇ ઓછું નથી. હવે તમે શા માટે પાર્ટટાઇમ જોબ કરવા માંગો છો? હવે તો તમારે આરામ કરવાના દિવસો છે.'

હવે પુનિતની આ બધી વાતો સાંભળી બેબાકળા થઇ બોલ્યા, 'દીકરા તારી બધઇ વાત સાચી છે, બરાબર છે. પણ મારી વાતો તો સાંભળ. જ્યારથી હું રીટાયર્ડ થયો છું. ત્યારથી મારા મનમાં કામ વગર ઉદાસીનતા, હતાશા અને નિરાશા ઘર કરવા લાગી છે. એમ થાય છે કે મારી જીવંતતા... જીજીવિષા તૂટતી જાય છે.'

આ સાંભળી પુનિત બોલ્યો, 'પપ્પા તમને એવો અનુભવ થવા લાગ્યો તો તમે મને કેમ ન કહ્યું? પણ જવા દો એ વાત જે થયું તે ખરું. તમારે કામ કરવું જ હોય તો કામ હું બનાવું. એ કામ કરતાં કરતાં તમને માથું ઊંચુ કરવાની પણ ફૂરસદ નહીં મળે.' શરદી થઇ હોવાથી પુનિત નાક અને ગળા પર વિક્સ લગાવવા લાગ્યો. 'સવારે વોકીંગ કરીને આવ્યાં બાદ સ્નાન કરીને ઇશ્વર ઉપાસના... ધ્યાન... કરો. પરમ સત્તાનું પૂજન અર્ચન વંદન... આધ્યાત્મિક ગ્રંથોનું પઠન, પાઠન અને અનુશીલન કરો. એવી કોઇ સંસ્થાઓ સાથે મળી તેમાં જોડાઓ જે દેશ અને સમાજમાં નિર્માણમાં સંલગ્ન હોય. દીન-દુખિયાં, અસહાય, નિરૂપાય હોય તેવાંની મદદમાં લાગી જાવ. માનવસેવા માનવ જીવનની સૌથી મોટી સેવા છે. ઘણાં બધાં વિદ્યાર્થીઓની પ્રતિભા-તેજસ્વીતા આર્થિક અભાવને કારણે કસમયે વિલાઇ જાય છે. તેમાં આર્થિક મદદ કરી તેમની પ્રતિભાને ખીલવો. તેમને પોતાની મંઝિલ સુધી પહોંચવામાં મદદ કરી તમારું જીવન સાર્થક કરો. તે માટે પૈસાની વ્યવસ્થા હું કરીશ.' તે ખુરશી ઉપરથી ઊભો થઇ ગયો અને ઓરડામાં આંટા મારવા લાગ્યો. પપ્પા અત્યાર સુધી તમે અમારા અને તમારા ખુદનાં માટે જીવ્યા છો. હવે જરા બીજાનાં માટે જીવી જુઓ. તમને કેવો સ્વર્ણિમ આનંદ અને પ્રસન્નતાનો અનુભવ થાય છે તે જો જો. તમને એમ થશે કે સાચું જીવન તો આ જ છે.'

એટલામાં બીજા ઓરડામાંથી પૂજા આવી ગઇ તે પણ કહેવા લાગી. 'પપ્પા તમારા દીકરા સાચું જ કહે છે, હવે તમારે પાર્ટ ટાઇમ બાર્ટટાઇમ કરવાની શું જરૂર છે?' આ સમય તો તમારે આરામ કરવાનો છે. છતાં જો સમય જતો ન હોય તો તે માટેનાં ઘણા ઉપાય તેમણે તમને બતાવ્યા છે.' ત્યાં તેમની પત્ની સુનિતા પણ સામે મળી. 'આપણાં વહુ-દીકરી સાચું જ કહે છે, ફાલતું ઝંઝટમાં હવે શું કામ પડો છો? એ લોકો કહે છે તેમ કરો.' પુનિતે ફરી પોતાની વાત પર ભાર દેતાં કહ્યું, આ કામોમાંથી જો તમને સમય મળે તો તે અમારા માટે રાખજો, અમને તમારી સેવા કરવાનો મોકો મળવો તો જોઇએ ને, મને બરાબર યાદ છે કે, જ્યારે હું નાનો હતો ત્યારે તમે મને કહેતાં કે 'બેટા, કુટુંબમાં સંતાન માટે પ્રથમ ઇશ્વર તેનાં મા-બાપ છે. તેમના આશીર્વાદથી જ કુટુંબમાં સુખ-સમૃદ્ધિ અને સુખચેનની વર્ષા અહર્નિસ થયા કરે છે. મને બરાબર યાદ છે કે તમે અને મમ્મી એ દાદાજી અને દાદીજીની વૃધ્ધાવસ્થઆમાં કેટલી સેવા કરેલી. એ દૃશ્ય મારી સ્મૃતિમાં હજુ એવું ને એવું જ કંડારાયેલું છે. એવા જ સંસ્કારો તમે તમારાં બાળકોમાં પણ ઉતારો.'

એટલામાં ભાગ્યેશ બગીચાની બાઉન્ડ્રી પાસે પેલા માણસ સાથે વાત કરીને પાછા આવી ગયા. શૈલેષ હવે ભાગ્યેશ તરફ જોયું. 'મોટો વિદેશ ગયો તો ગયો, નાનો તો તમને આશરો આપવા મદદ કરવા માટે છે જ ને. મોટો છોકરાના શુષ્ક અમાનવીય વહેવારને કારણે શું કામ દુઃખી થાવ છો. નક્કામી ચિંતા શું કામ કરવી. એ સાંભળી ભાગ્યેશ અત્યંત નિરાશા અને વિષાદમાં ડુબી ગયા.' જોશીભાઇ મારી નાવ તો અહીં આવીને પણ બધી રીતે ડુબી ગઇ છે. નાનો પણ નક્કામો નીકળ્યો. તેની વહુએ મને સ્પષ્ટ કહી દીધું. 'તમારા ખાવા-પીવાની વેઠ મારાથી નહીં થાય. તમે બીજે ક્યાંક વ્યવસ્થા કરી લો.' જ્યારે એ વાત મેં નાના છોકરાને કરી ત્યારે તેણે પણ નાયલોનના કપડામાંથી પાણી ઝાટકતા જેમ ખરી પડે તેમ એક ઝાટકે કહી દીધું 'એ બાબતમાં હું શું કરી શકું?' એ તો ટપોરજી તેની મરજી પર... હું એ બાબતમાં દબાણ કરી મારા જીવનમાં કેકટસ ન વાવી શકું. તેથી બહેનત તો એ રહેશે કે તમે તમારી વ્યવસ્થા વૃધ્ધાવસ્થામાં કરી લો. ત્યાં તમને બધી સગવડ મળશે. વળી તમારા જેવા સાથઇઓ મળી જતાં સમય પણ વિતાવી શકશો. કહેતાં કહેતાં તેમની બંને આંખોમાંથી અશ્રુધારા વહેવા લાગી. તે બાંકડા પર એક ઇંટના ટૂકડાથી આડી ઊભી રેખાઓ ચીતરવા લાગ્યા. પછી થોડીવાર મૌન રહ્યાં બાદ બોલ્યા. 'જોશીભાઇ મને જો પેન્શન ન મળતું હોત તો મારે તો ભીખ જ માંગવી પડત. શૈલેષ તેને કંઇ પૂછવાની પહેલ કરે તે પહેલાં એ બોલ્યા.' 'તો હવે જોશીભાઇ હું નીકળું. દિવસ ઘણો ચડી ગયો છે. વૃધ્ધાશ્રમ પહોંચતાં પહોંચતાં સાંજ પડી જશે.'

'સારું, નીકળો...' શૈલેષ તેનું દુઃખ જોઇ ખુબ બેચેન થઇ ગયો.

શૈલેષભાઇ પોતાના ઘરે પાછા ફરતાં વિચારતા હતા. આ ભાગ્યેશના સંતાનો જ નહીં આજકાલની મોટા ભાગની નવી પેઢી પોતાના મા-બાપને બોજ સમજે છે. તેમને વૃધ્ધાશ્રમમાં મોકલવા તત્પર બની છે. પોતાના કુટુંબીઓ પ્રત્યે પ્રેમ, લાગણી, આત્મીયતા, દયા, કરૂણાના ભાવો તો તેમના મનોલોકમાં બિલકુલ અભાવ જોવા મળી રહ્યો છે. તેઓ ફક્ત આત્મકેન્દ્રી બની ગયા છે. તે એટલા સ્વાર્થી બની ગયા છે કે બીજાઓ માટે તેમના મનમાં કોઇ સ્થાન જ નથી. પુનિત ને તો આજની આ ભૌતિકવાદી આબોહવાની અસર જરાય થઇ નથી. પણ તેના વિચારો તો એનાથી સાવ વિપરીત... ભિન્ન અને અલગ અને તેનો વહેવાર પણ બિલકુલ જુઠો પડે છે. આ સંસ્કારહીનતાની આંધીમાં ખરેખર પોતે કેટલાં ભાગ્યશાળી છે...? કદાચ પુનિતના આ આચાર વિચાર અને સમજણ તેમને તેને બચપણમાં આપેલાં સારા સંસ્કારોને આભારી છે. આ તેની જ દેન છે.

તે ખુબ આનંદ, ઉત્સાહ, સાથે એક આહ્લાદ અનુભવના પ્રસન્નચિત્તે પાણીથી છલોછલ ભરેલ કુંભની જેમ ઉંમગ સાથે ઘેર પાછા ફરી રહ્યાં હતા.

- vanvihari@gmail.com

શાહી સવારી... ધ ગ્રેટ રોલ્સ રોયલ...

...ને પટિયાલાના મહારાજાએ રાજાશાહી ઠાઠ ધરાવતી ગાડીમાં કચરો ભરી ઉકરડે મોકલી

Hello ફ્રેન્ડસ!

- સંજય થોરાત

ફોર વ્હીલર ગાડીની વાત આવે એટલે સૌના કાન સરવાં થઇ જાય, બાળક સમજતું થાય ત્યારથી ગાડીનાં પ્રેમમાં પડતું હોય છે... માણસની ઉત્ક્રાંતિમાં ચક્રની શોધ પછી જોરદાર ગતિ આવી અને અવનવાં વાહનો શોધાયાં... એન્જિની શોધ થઇ અને આ ચક્ર કે વ્હીલને ''ન ભૂતો ન ભવિષ્યતિ'' જેવું મહત્ત્વ મળી ગયું... આ વ્હિલ કે પૈડા પર તો પછી નવનીત પ્રયોગો થતા રહ્યાં અને એમાંથી જ સર્જાઇ મર્સીડીઝ ફોક્સ વેગન, બવ્હેરિચન મોટર્સ વકર્સ (બી.એમ.ડબલ્યુ), ફેરારી, ફિયાટ એની અનેક ગાડીઓનો જન્મ થયો!!

ભારતમાં ગાડીઓ આવી ત્યારે એમ્બેસેડર અને ફિયાદ એ બેનું ચલણ હતું. અમે જયારે સમજતા થયાં ત્યારે ટેક્સી, મારૂતિ, ટાટા, ટોયોટો, એવી ગાડીઓ અને એનાં રમકડાંનાં મોડેલ જોવા મળતાં... નાનપણમાં ગાડી ગાડી રમવાનો શોખ હોય એને મમ્મી-પપ્પા ખુશીથી ઈમ્પોર્ટેડ ગાડીઓને સેટ લાવી આપતાં અને છોકરાઓ૯-૧૦ધોરણમાંઆવે ત્યા સુધી તો ગાડીઓ અને એની કંપનીનાં નામથી પરિચિત થઈ જાય... ભારતમાં અત્યારે તો ગાડીઓનો રીતસરનો રાફડોફાટ્યોછે... મારૂતિ, હુન્ડાઇ, હોન્ડા, ટોયાટા, ફોક્સ વેગન, રેનો, મહિન્દ્રા, નિશાન, ટાટા, શેવરોલે, બજાર, ફોર્ડ જેવી કંપનીઓની વિવિધ કારોની બોલબાલા છે, પણ મોંઘી ગાડીઓમાં તો બી.એમ.ડબલ્યું અથવા મર્સીડીઝ યાદ કરાય છે!!

પણ આ બંને ગાડીઓ ગરીબોની ગાડીઓ લાગે એવી ક્વિન ઑફ ધ કાર્સ એટલે રોલ્સ રોયલ!! રોલ્સ રોયલની ખાયિસત એટલે આ કાર કસ્ટમાઇઝ્ડ કાર છે. કસ્ટમાઇઝ્ડ એટલે જે વ્યક્તિને ગાડી લેવાની છે, એ વ્યક્તિની પસંદ - શોખ પ્રમાણ આ ગાડી બનાવી અપાય છે અને આ ગાડી હેન્ડમેટ ગાડી છે. એટલે મારૂતીની ૮૦૦ જેવી દરેક સરખી ગાડી જેવી આ ગાડી નથી હોતી. દરેક રોલ્સ રોયલ એટલે એન્ટિક પીસજ બને એ કયારેય એક સરખી જોવા મળે જ નહીંએટલે ઑર્ડર આપીને બનાવાતી આ કારનો માલિક એન્ટીક ગાડીના માલિક હોવાનો ગર્વ અનુભવે છે!!

રૉલ્સ રૉયલ કારની અંદરનું ઈન્ટીરીયર કોઇ ફાઇવસ્ટાર હૉટેલના દરજ્જાથી કમ નથી હોતું. ગાડીની અંદર એક નાના બારથી લઇ લાઇબ્રેરી અને મીની થિયેટરથી લઇ બેડરૂમ કંઇ પણ બનાવી શકાય છે. સીટનાં કવરથી લઇ ડેશબોર્ડ અને ગાડીની કલરની પસંદગી પર રૉલ્સ રૉયઝના ગ્રાહકને કરવા દેવામાંઆવેછે. અંદરનુંફર્નિચર જોઇએ તો લાકડામાંથી બનાવાય અને રંગની પસંદગીમાં તો ૪૩ હજાર શોરકાડર્સના રંગ ઉપલબ્ધ કરાય છે!! ગલ્ફ કંટ્રીના માલેતુજારો તો ગાડીની બનાવટમાં ગોલ્ડ અને ડાયમંડનાં ડેકોરેશનનો આગ્રહ રાખે છે અને રૉલ્સ રૉયઝ કાર બની જાય છે!

રૉલ્સ રૉયઝ ગાડીનો ઈતિહાસ પણ ખુબ રોમાંચક છે. કલા અને સાહિત્યના ક્ષેત્રે ૧૪ થી ૧૭ ના શતકમાં યુરોપમાં ઘણી વસ્તુઓ શોધાઇ અને એમાંથી જ ઔદ્યોગિક ક્રાંતિ થઈ અને ૧૮ અને ૧૯માં શતકમાં ટ્રેન, ફોન, ગાડી જેવા સંશોધનો થયાં!! ૧૮૮૪ માં આજ ઔદ્યોગિક ક્રાંતિમાં હેન્રી રૉયઝે મિકેનિકલ અને ઈલેક્ટ્રીકલ વ્યવસાય શરૂ કરેલો. હેન્રીને ગાડીઓનાં એન્જિન બનાવવાનો કેઝ

હતો અને એણે ૨૦ વર્ષની તપશ્ચર્યા બાદ ૧૯૦૪માં હેન્રી રૉયઝે એની પ્રથમ કાર બનાવી અને એ જ વર્ષે એની ઓળખાણ ચાર્લ્સ રૉલ્સ સાથે થઈ... રૉલ્સ ઈંગ્લેન્ડમાં વિવિધ ગાડીઓ વેચનારી એક કંપની ચલાવતાં હતા. આ બંનેએ મળીને એક કરાર કર્યો, હેન્રી એનું મગજ ચલાવી અવનવી ગાડીઓ બનાવશે અને ચાર્લ્સ રોલ્સ એની સી.એસ.રોલ્સ કંપની દ્વારા વેચશે...

૧૯૦૬માં આ બંનેના પ્રયત્ને બુલંદ સફળતા મળી અને એમણે બનાવેલી 'સિલ્વર ઘોસ્ટ' એ ૬ સિલીન્ડર ધરાવતાં એન્જિન વાળી ગાડીને અકલ્પનીય સફળતાં મળી ગઈ... એ જ વર્ષે વિશ્વની સર્વોત્તમ ગાડીનો ખિતાબ આ ગાડીને મળ્યો. સફળતાનો સ્વાદ ચાખેલાં આ બંનેએ પછી એક સ્વતંત્ર કંપનીની સ્થાપના કરી અને 'રૉલ્સ રોયઝ' અસ્તિત્વમાં આવી ગઈ... ગાડીઓ વેચનારી એક કંપની ચલાવતાં હતા. આ બંનેએ મળીને એક કરાર કર્યો, હેન્રી એનું મગજ ચલાવી અવનવી ગાડીઓ બનાવશે અને ચાર્લ્સ રોલ્સ એની સી.એસ.રોલ્સ કંપની દ્વારા વેચશે...

૧૯૦૬માં આ બંનેના પ્રયત્ને બુલંદ સફળતા મળી અને એમણે બનાવેલી 'સિલ્વર ઘોસ્ટ' એ ૬ સિલીન્ડર ધરાવતાં એન્જિન વાળી ગાડીને અકલ્પનીય સફળતાં મળી ગઈ... એ જ વર્ષે વિશ્વની સર્વોત્તમ ગાડીનો ખિતાબ આ ગાડીને મળ્યો. સફળતાનો સ્વાદ ચાખેલાં આ બંનેએ પછી એક સ્વતંત્ર કંપનીની સ્થાપના કરી અને 'રૉલ્સ રોયઝ' અસ્તિત્વમાં આવી ગઈ... મજાની વાત એ છે કે એમની પ્રથમ ગાડી 'સિલ્વર ઘોસ્ટ' આજેય એટલી જ લોકપ્રિય છે અને તેઓ ચેરિટીનાં કામો આ જ ગાડી દોડાવતાં હોય છે!!

રૉલ્સ રૉયઝના માલિકોએ એમની ગાડી રાણી એલિઝાબેથને એક મહિનો વાપરવા આપેલી અને એ ગાડીથી આકર્ષાયેલાં રાણીએ એમને ઇનામ આપ્યું અને સાથોસાથ કંડીશન કરી કે આવી બીજી ગાડી ના બનાવે, અલગ બનાવે.... અને વિચારથી આ બંને જણાએ નક્કી કર્યુ કે રાણી જ શું કામ આપણે આ ગાડી ખરીદાર સૌ કોઇને સ્પેશિયલ ગાડી જ બનાવી આપીશું!! અને ત્યારથી આ ગાડી રાજાશાહી અને એન્ટીક બની ગઈ... ઈંગ્લેન્ડનાં રાણી આજે પણ આ કંપનીની ગાડી જ વાપરે છે. એમણે જયારે સાઉદીનાં રાજાને રત્ન જડીત રૉલ્સ રૉયઝ ભેટ તરીકે આપેલી!!

(અનુસંધાન પાના નં. ૬ પર)

જયારે તમામ દરવાજા બંધ થઇ ગયા હોય ત્યારે પણ ઇશ્વરે એકાદ નાનકડી બારી બહાર નીકળવા માટે ખુલ્લી રાખી જ હોય છે

પારિજાત

- રેખા ભટ્ટ

આપણી વ્યથા,
અવરને મન રસની કથા,
ઇતર ના કાંઇ તથા
જીરવી એને જાણીએ વીરા!
પ્રાણમાં જલન હોય તો તોયે ધારીએ શીતલ રૂપ!

- રાજેન્દ્ર શાહ

"વિશ્વ આત્મહત્યા નિવારણ દિન" ઉજવવો પડે એ આધુનિકતાની દેણ છે અને "આવો દિવસ" ઉજવાય એ 'દિવસ' આપણે જોવો પડે છે.

આપણી લાઇફ સ્ટાઇલ અને સ્ટ્રેસને સીધો સંબંધ છે. કામની ભાગદોડ અને સંબંધોમાં શુષ્કતા, રઘવાયા થઇને ફરતાં માણસને બધું જ મળે છે. પણ ઠૂંઠું કે પ્રેમનો સ્પર્શ મળતો નથી.

માણસને આત્મહત્યા સુધી લઇ જવા માટેનાં ઘણાં સામાજિક, આર્થિક, માનસિક કારણો હોઇ શકે. આપણા વિદ્વાનો - સમાજ શાસ્ત્રીઓ, મનોવૈજ્ઞાનિકરો અને અર્થશાસ્ત્રીઓ પાસે સ્ટ્રેસ - માનસિક તાણ - મૂંઝવણ - મજબૂરીનાં વિશ્લેષણો હોઇ શકે - પણ ઉકેલ નથી.

એક મેગેઝીનમાં એક કાર્ટૂન હતું - કે એક વ્યક્તિ બાલ્કનીમાંથી છલાંગ લગાવી મરવા તૈયાર છે. ત્યારે બીજી વ્યક્તિ બૂમ પાડે છે. "અરે ભાઇ! એમ જિંદગી ટૂંકાવશો નહીં. કોઇ મનોવૈજ્ઞાનિકની સલાહ લો." પેલી સામેની વ્યક્તિ બૂમ પાડે છે. "પેલી સામેની વ્યક્તિ બૂમ પાડે છે." બકવાસ ના કર! અરે, હું પોતે જ મનોવૈત્રાનિક છું.''

કોઇ પણ પ્રશ્નોનો ઉકેલ માત્ર આપણી પાસે જ છે. એક જીવતી જાગતી વ્યક્તિનું મહત્ત્વ અને તેની ખુશીનું મહત્ત્વ આપણને સમજાય એ જરૂરી છે. અને આત્મહત્યા કરનારને પોતાને પણ એવું લાગેવું જોઇએ કે જિંદગી ટૂંકાવી દેવી એ છેલ્લો ઉપાય નથી. આત્મહત્યા કરનાર વ્યક્તિએ જીવતાં તો સૌની સહાનુભૂતિ મેળવી નથી, મરણ પામીને પણ, મેળવી શકતા નથી. અને જે પ્રશ્નો હોય તે તો ઉભા જ રહે છે અને તેનો સામનો કરવો પડે છે જે તે વ્યક્તિનાં સ્વજનોએ બાળકોએ.

ઇશ્વરે સર્જેલી આ સૃષ્ટિમાં કોઇ પણ વસ્તુ - વ્યક્તિ કે - પ્રાણી - પશુ - જીવજંતુ - વનસ્પતિ અકારણ નથી. સૌ કોઇની હસ્તીનું ચોક્કસ પ્રયોજન છે. આપણે મૂંઝાયેલા કે ગૂંચવાયેલા હોવાથી આ વાત સમજી શકાતી નથી. અને આવેશની કે ગુસ્સાની એક ક્ષણ ટાળી શકાય તો ગમે તેવી મુશ્કીબતમાંથી રસ્તો નીકળી શકે.

એમ કહેવાય છે જે જયારે તમામ દરવાજા બંધ થઇ ગયા હોય ત્યારે પણ ઇશ્વરે એકાદ નાનકડી બારી બહાર નીકળવા માટે ખુલ્લી રાખી જ હોય છે.

આપણે સૌ પણ, ફેસબુકની સ્ટ્રેટેજી અપનાવીએ. આપણું 'Friend's Group' મોટું કરતાં જઇએ. અવારનવાર બધાંના ખબર અંતર પૂછતા રહીએ. રૂબરૂ નહીં તો ફોનથી. નાની અમથી ખુશી વ્હેંચતા રહીએ અને જરીક અમથી મૂંઝવણ હોય તો વ્યક્ત કરીએ, તો બહુ મજા આવે. કેમ કે નાની - નાની સમસ્યાઓનો સરવાળો થાય એટલે મુશ્કેલી વધે છે. અને રસ્તો સૂઝતો નથી.

આપણા વાણી - વર્તનથી સામે મળેલાને ખબર અંતર પૂછવાથી - હસીને બોલવાથી કે પ્રેમથી ખભે હાથ મૂકવા માત્રથી હિંમત આપી શકાય.

અને સૌને એટલું જ જોઇએ છે. મારૂં કોઇક છે એવી ઠૂંઠૂ જીવવાનું કારણ પૂરૂં પાડે છે.

મા. મહેન્દ્ર મેઘાણીએ એક નાનકડી વાત લખી છે કે - એક વ્યક્તિ આપઘાત કરવાના પાક્કા ઇરાદા સાથે ઘરેથી નીકળે છે. સાથે સાથે એવું પણ નક્કી કરે છે, કોઇ હસીને હ્વાલથી બોલાવશે તો મરવાનું મુલત્વી રાખીશ, અને પછી આપણને પ્રશ્ન કર્યો છે કે -ધારો કે તમે જ એ વ્યક્તિને સામે મળ્યા હોય તો? તમે પેલી વ્યક્તિને આપઘાત કરતાં રોકી શક્યા હોય? એને જીવવાનું કારણ તમે પૂરું પાડ્યું હોત?

કોઇની પણ મૂંઝવણ કે પ્રશ્ન સમજીએ, એના બળતામાં ઘી હોમાય એવા પ્રશ્નો પૂછીને ક્ષોભમાં મૂકવા કરતાં, સહૃદયતાથી માત્ર બાજુમાં બેસીશું તોયે કોઇકને બળ પૂરૂં પાડી શકાય.

દુલા ભાયા 'કાગ'ના શબ્દોમાં કહીએ તો,

"વાતો એની સાંભળીને આડું નવ જોજે
એજી એને માથું રે હલાવી હોંકારો દે જે રે..."

આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

૧૯મી સપ્ટેમ્બર

- વ્યક્તિ ચિત્રો, પ્રકૃતિ ચિત્રોનાં ચિત્રકાર, વૈદિક શ્લોક - મહિમ્નના રચયિતા, ક્રાંતિકારીઓનાં આશ્રયદાતા, પદ્મવિભૂષણ - શ્રીપાદ - પંડિત સાવળેકરજીની આજે જન્મતિથિ ૧૯-૯-૧૮૭૬.
- પંચાયતી રાજની સ્થાપનાના પુરસ્કર્તા - પૂર્વ મુખ્યમંત્રી બળવંતરાય મહેતાની પુણ્યતિથિ - ૧૯૬૫.

ભાવનગર, સૌરાષ્ટ્ર રાજ્યનાં નાયબ વડાપ્રધાન પદે રહેલાં નિષ્ઠાવાન, કાર્યશીલ - પ્રામાણિક રાજપુરૂષ.

- ૧૯૩૧ની સપ્ટે. ગાંધીજીએ ૧લી ગોમળેજી પરિષદમાં ભાષણ આપ્યું.
- ૧૮૪૮ -વિપુલ સાહિત્યના સર્જક મણિલાલ ત્રિવેદીનો જન્મ.
- ૧૯૩૦ - અગ્રણી કવિ - નવલકથાકાર વિવેચક હરીન્દ્ર દવેનો ખંભાશ (કચ્છ)માં જન્મ.
- ૧૬૭૯ - ૧૯ સપ્ટે. ૧૯૬૩ - બળવંતરાય મહેતાએ બીજીવાર મુખ્યપ્રધાન તરીકે શપત લીધા.

- ૧૬૭૯ - ખાંદરીનાં યુધ્ધમાં શિવાજીએ અંગ્રેજોને સજ્જડ હાર આપી.